ક્રિ.પ.અ. નં.૩૨૮/૨૦૨૬

**-: આંક-૧ લગત હુકમ :-**

૧. બંને પક્ષકારોને સાંભળ્યા, અરજી વંચાણે લીધી તથા રેકર્ડ ધ્યાને લીધું.

૨. આ કામે અરજીની હકીકત એવી છે કે, સામાવાળા નં.૧ અરજદારના પત્ની છે. સામાવાળા નં.૧ ના સામાવાળા નં.૨ અને ૩ ના પુત્રી છે. અરજદારના સામાવાળા નં.૧ સાથે તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ લગ્ન થયેલ છે જે લગ્નની નોંધણી રજી.ઓફ. મૅરેજ એકટ-૨૦૦૬ અન્વયે તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ થયેલ છે. સામાવાળા નં.૨ અને ૩ ના અરજદારના સાસુ-સસરા થાય છે. અરજદાર પંચાલ સમાજના છે. સામાવાળા નં.૧ પટેલ સમાજના છે. સામાવાળા નં.૧ નાએ અરજદાર સાથે લગ્ન કરેલ તે સામાવાળા નં.૨ અને ૩ નાને અને તેમના કુંટુબીજનોને, સગા વ્હાલાઓને પંસદ આવેલ નહી. અરજદારના આંતરજ્ઞાતીય લગ્ન થયેલ હોઈ અરજદારને તથા સામાવાળા નં.૧ ને ભય હતો કે સામવાાળા નં.૨ અને ૩ ના સમાજના સગા વ્હાલાઓની ચડવણીથી અરજદાર અને સામાવાળા નં.૧ વિરૂધ્ધ ખોટા કેસ કરી સંડોવણી કરે તેમ હોઈ અરજદાર અને સામાવાળા નં.૧ ના તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ અમદાવાદ મુકામે જવાના હોઈ અમદાવાદ મુકામે જતાં અગાઉ અરજદાર અને સામાવાળા નં.૧ નાએ પોલીસ ઈન્સપેકટર સાહેબશ્રી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનને સંબોધીને એક અરજી તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ આપેલી હતી અને જે અરજીના સમર્થનમાં સામાવાળા નં.૧ નાએ સોગંદનામું કરેલ હતું. અરજી અને સોગંદનામું 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપ્યા બાદ અરજદાર અને સામાવાળા નં.૧ અમદાવાદ મુકામે ગયેલ હતાં. અરજદારના સામાવાળા નં.૧ સાથે આંતરજ્ઞાતીય લગ્ન હોઈ સામવાળા નં.૨ અને ૩ નાએ તેઓના સમાજના માણસોને એકત્રીત કરી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અરજદાર અને સામાવાળા નં.૧ હાજર થાય તે માટે પ્રયત્નો કરેલા. સામાવાળા નં.૨ અને ૩ તરફથી તથા તેઓના સમાજના માણસોના દબાણને કારણે અને 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનના અધિકારી સાહેબના કહેવાથી અરજદાર તથા સામાવાળા નં.૧ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ પાટણ 'બી' ડીવીઝન

પોલીસ સ્ટેશનમાં હાજર થયેલ. અરજદારના કથન મુજબ પાટણ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં તપાસ કરનાર અધિકારશ્રીએ સામાવાળા નં.૧ નું નિવેદન લીધેલું. સામાવાળા નં.૧ નાએ સ્પષ્ટપણે જણાવ્યું કે, અમો એકબીજાની સંમતીથી લગ્ન કરેલ છે અને અમો અમદાવાદ મુકામે ફરવા ગયેલ હતાં. હું અરજદાર સાથે રહેવા માંગુ છું. પરંતુ તે વખતે સામાવાળા નં.૨ અને ૩ ની વિનંતીથી તેમજ પાટણ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીના કહેવાથી અરજદારે સામાવાળા નં.૧ ને સાતેક દિવસ માટે તેઓની સાથે લઈ જવા સંમતી આપતાં સામવાળા નં.૧ ના તા.૧૮/૦૩/૨૦૨૬ થી સામાવાળા નં.૨ અને ૩ ના ઘર માં રહે છે. સામાવાળા નં.૨ અને ૩ નો ઈરાદો શરૂથી જ તેઓને જમાઈ તરીકે એટલે કે, સામાવાળા નં.૧ ના પતિ તરીકે સ્વીકારતા ન હોઈ કોઈપણ રીતે સામવાળા નં.૧ નો કબજો પોતાની પાસે કરવા માંગતા હોઈ ખોટું જણાવી સામાવાળા નં.૧ ને તેઓની સંમીતીથી તેઓના ઘરે લઈ ગયેલ અને ત્યારબાદ સામાવાળા નં.૧ ના ઉપર માનસીક અને શારીરીક ત્રાસ આપવાનો શરૂ કરેલ. સામાવાળા નં.૧ પાસે પોતાનો મોબાઈલ હતો તે પોતાનો મોબાઈલ પણ એકાદ દિવસ બાદ પડાવી લીધેલ છે અને અરજદાર અને સામાવાળા નં.૧ એકબીજા સાથે સંપર્ક ન રાખી શકે તેવી સ્થીતી ઉત્પન્ન કરેલ છે. સામાવાળા નં.૧ ની મરજી વિરૂધ્ધ, સામાવાળા નં.૧ ની સ્વતંત્રા ઉપર કાપ મુકી તેઓનો મોબાઈલ પડાવી લઈ, ભુવા ભોપાલાનો સંપર્ક કરી સામાવાળા નં.૧ ને માનસીક ત્રાસ આપવામાં આવેલ છે તથા સામાવાળા નં.૧ અરજદારના પત્ની હોવા છતાં અરજદારને મળવા પણ દેતાં નથી અને સામાવાળા નં.૧ ની મરજી વિરૂધ્ધ સામાવાળા નં.૧ ને પોતાના ઘરમાં પુરી રાખેલ છે. સામાવાળા નં.૧ ને અભ્યાસ અર્થે પણ જવા દેતા નથી. સામાવાળા નં.૧ ની મરજી વિરૂધ્ધ સામાવાળા નં.૧ ને સામાવાળા નં.૨ અને ૩ નાએ ઘરમાંથી બહાર નિકળવા દેવાની પાંબંધી ફરમાવી ઘરમાં ગોંધી રાખેલ છે. અરજદાર સામાવાળાના પતિ હોવા છતાં પણ અરજદારને પણ સામાવાળા નં.૧ નો સંપર્ક કરવા દેતા નથી. જેથી હાલની આ અરજી બી.એન.એસ.ની કલમ-૧૦૦ મુજબ અરજી કરેલ છે.

૩.		અરજદારની અરજી અન્વયે આ કામના સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ અને આ કામે સામાવાળાઓને નોટીસની બજવણી થયેલ છે તથા આ કામે સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી કે.ડી.આચાર્ય મારફત હાજર થયેલ અને આંક–૦૭ થી નિયતી પંકજકુમાર પટેલે નિવેદન આપેલ છે. જે નિવેદન વંચાણે લેવામાં આવે તો, "મારું નામ પટેલ નિયતિ પંકજકુમાર છે. હુ હાલ નિવેદન આપવા સ્વેચ્છાએ કોઈપણ પ્રકારના દબાણ, લાલચ વગર તૈયાર છું. હુ હાલ સભાન અવસ્થામાં છું અને મારી સ્વેચ્છાએ કોઈપણ પ્રકારના દબાણ વગર નિવેદન આપવા તૈયાર છું તથા આ નિવેદનની ગંભીરતા હું સમજુ છું. હું હાલ સી.એસ.નો અભ્યાસ કરું છું. હું કોર્ટની નોટીસ બજતાં મારા ઘરેથી આવેલ છું. મે હાલના કામની અરજી વાંચેલી છે. હું હાલના કામના અરજદાર પંચાલ ભાવીન વિજયકુમારને ઓળખું છું. મારા અને અરજદાર ભાવીનના લગ્ન થયેલ નથી. તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારા લગ્ન ભાવીન સાથે સ્વેચ્છાએ કે સંમતિથી થયેલ નથી પરંતુ દબાણના કારણે અને ધમકીના કારણે મારી કોરા પેજ ઉપર સહી લીધેલી. આ કામના ભાવીને ઘણી છોકરીઓ સાથે આવી રીતે સહીઓ લીધેલી છે અને તે નીચ અને નરાધમ છે. મે આ કામના અરજદાર પંચાલ ભાવીન વિજયકુમાર સાથે લગ્ન કરેલા નથી. મને માર્ક–૩/૧ વાળું સર્ટીફીકેટ ઓફ રજીસ્ટ્રેશન ઓફ મેરેજ બતાવવામાં આવે છે પણ હું અમદાવાદ ગયેલ જ નથી. મારા ફેરા પણ અમદાવાદ ખાતે થયેલ નથી કે હું અમદાવાદ ગયેલ નથી તથા મે કોઈ ફેરા ભાવીન સાથે લીધેલા નથી. આથી આ પ્રમાણપત્ર ખોટું છે. ભાવીન પંચાલ જ્ઞાતિનો છે તેની મને ખબર છે. આ ભાવીન અને તેના કુટુંબીયો મેલી વિદ્યા કરે છે. આ ભાવીને મને કંઈક ખવડાવી દીધેલું તેથી બી ડીવી. પોસ્ટે.માં તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ શું થયેલું તેની મને ખબર નથી. હું હાલ મારા માતા–પિતા સાથે સ્વેચ્છાએ કોઈપણ પ્રકારના દબાણ વગર રહું છું. મારા મા–બાપે મને ગેરકાયદેસર ગોંધી રાખેલ નથી કે અટકાયત કરેલ નથી તથા મારા મા–બાપે મને ગોંધી રાખેલ નથી. હું ભાવીનના ઘરે રહેવા પણ ગયેલ નથી. હું શરૂઆતથી જ મારા માતા–પિતાની સાથે રહું છું. હું હાલ મારા ઘરે જ અભ્યાસ કરું છું. હું હાલ મારી ઈચ્છાએ એકલી હરીફરી શકું છું. મને મારા માતા–પિતાએ ગોંધી રાખેલ

નથી, અટકાવી રાખેલ નથી. હું હાલ પુખ્ત વયની છું અને શું સાચું અને શું ખોટું તે સમજી શકું છું. મારે આ કામના અરજદાર પંચાલ ભાવીન વિજયકુમાર સાથે જવું નથી. મારા લગ્ન તેની સાથે મારી સ્વેચ્છાએ અને ખુશીથી થયેલ નથી. હું કયારેય તેની સાથે જવા માંગતી નથી. હું મારા માતા–પિતા સાથે રહેવા માંગું છું. મને મારા માતા–પિતાના ઘરે કોઈપણ પ્રકારનો ત્રાસ નથી. હું સ્વેચ્છાએ રાજીખુશીથી મારા માતા–પિતાની સાથે રહેવા તૈયાર છું અને હાલ પણ રહું છું. મારા માતા–પિતાએ કોઈપણ પ્રકારની ગેરકાયદેસર અટકાયત કરેલ નથી. આ કામના અરજદાર ફ્રોડ છે."

૪. આમ, બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા તથા બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૦ વંચાણે લીધી, જે નીચે મુજબ છે.

- **કલમ–૧૦૦. ગેરકાયદે અટકાયતમાં રખાયેલ વ્યક્તિઓની ઝડતી :**
  કોઈ જિલ્લા મેજિસ્ટ્રેટ, પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ અથવા પહેલા વર્ગના મેજિસ્ટ્રેટને એમ માનવાને કારણ હોય કે કોઈ વ્યક્તિને એવા સંજોગોમાં અટકાયતમાં રાખવામાં આવેલ છે કે, તે અટકાયત ગુનો બને છે, તો તે ઝડતી વૉરન્ટ કાઢી શકશે અને જેને તે વૉરન્ટ બજાવવા આપ્યું હોય તે વ્યક્તિ એ રીતે અટકાયતમાં રખાયેલ વ્યક્તિ બાબતમાં ઝડતી લઈ શકશે; અને એવી ઝડતી વોરન્ટ અનુસાર લેવી જોઈશે અને તે વ્યક્તિ મળી આવે તો તેને તરત કોઈ મેજિસ્ટ્રેટ સમક્ષ લઈ જવી જોઈશે અને તે મેજિસ્ટ્રેટ કેસના સંજોગો જોતાં ઉચિત જણાય તેવો હુકમ કરશે.

૫. આમ, ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લઈએ તો, અરજીમાં જણાવેલ પટેલન નિયતી પંકજકુમાર હાલ તેમના માતા–પિતાની સાથે રહે છે. તેમના નિવેદન મુજબ તેઓ પુખ્ત વયના છે તથા પોતાના જીવનનું સારુ–નરસું સમજી શકે છે તથા તેઓએ સંપુર્ણ સભાન અવસ્થામાં કોઈપણ પ્રકારની લાલચ કે દબાણ હેઠળ નિવેદન આપેલ નથી. સદરહું નિવેદન પણ કેમેરા કોર્ટ કરીને લીધેલ છે અને પટેલ નિયતિ પંકજકુમારે નિવેદન આપેલ છે. તેઓ અરજદાર સાથે જવા તૈયાર નથી તથા તેઓ તેમના માતા–પિતાને ત્યાં ખુશ છે. તેઓને ગોંધી રાખેલા નથી કે અટક કરેલ નથી. આમ, તેમના નિવેદન મુજબ બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૦ લગતના આવશ્યક

તત્વોમાં હાલની અરજી આવતી નથી. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

- હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૦૮ મી, માહે–જુન, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પાટણ.
તારીખ : ૦૮/૦૬/૨૦૨૬.

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
પાટણ.
કોડ નંબર : જીજે–૦૧૦૦૬